R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 58 Issue No. 11
FEBRUARY - 2015



## વેલેન્ટાઈન ડે - પ્રેમોત્સવ

વેલેન્ટાઈન ડૅ પ્રતિ વર્ષ ૧૪ ફેબ્રુઆરીના દિવસે નવ યુવાન અને પ્રભુતામાં પગલા પાડવા થનગનતા યુગલો દ્વારા ઉમળકાભેર ઉજવાય છે. રોમના સંત વેલેન્ટાઈનની સ્નેહાળ યાદગીરીમાં વિશ્વભરના યુવાનો વેલેન્ટાઈન-ડૅ મનાવી સંત વેલેન્ટાઈનને સ્નેહાંજલી આપે છે. વેલેન્ટાઈન ડૅ આજે ખરા અર્થમાં લઈએ તો પ્રેમોત્સવ દિવસ ગણાય.

પ્રેમ કરાય નહીં, થઈ જાય એટલે પ્રેમ ! આપણી ગમતી વ્યક્તિ પાણી પીએ અને તૃપ્તી આપણને થાય એટલે પ્રેમ ! પ્રેમને લખી શકાય નહીં, પ્રેમને વાંચી શકાય નહીં, પ્રેમને વર્ણવી પણ શકાય નહીં. પ્રેમ માત્ર સંવેદનાનો-લાગણીનો અનુભવ છે. પ્રેમી સામાન્ય જન કરતા વેંત ઉંચો હોય છે એની સહજતા અન્યોથી અલગ હોય છે. એટલે જ પ્રેમીને રૂટીન જીવન નથી ગમતું. આવેગ એકના હ્દયમાં આવે અને ઉર્મિના મોજા ઉભયના હ્દયમાં ઉછળે એટલે પ્રેમ.

રાધાએ કૃષ્ણ સાથે કોઈ ધાર્મિક વિવાહ નહોતા કર્યા પરંતુ આજે પણ રાધા એક પ્રેમની આર્દશ મૂર્તિ છે. મીરાએ કૃષ્ણને આલિંગને કે સ્પર્શ્યા પણ નહોતો છતાં કૃષ્ણની મનોહર મૂર્તિને દિલ દઈ બેઠા હતાં. રાધા અને મીરાનો આ કૃષ્ણ પ્રત્યેનો પ્રેમભાવ હતો. એ જ ખરો પ્રેમ છે. આર્કષણ એ પ્રેમ નથી. આકર્ષણનો આવેગ વધી-ઘટી શકે છે પણ નિર્મોહી પ્રેમ સતત વધતો જ રહે છે.

પારસ એક એવો પદાર્થ છે જે લોઢાને સ્પર્શ કરે તો લોઢું સોનું બની જાય છે. પરંતુ પ્રેમ પારસથી એક તસુ આગળ છે. એક વેંત ઊંચુ છે -

**સંકલન**

2nd Cover Page

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ - સંચાલિત
# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત
# ટેલિફોન ડીરેકટરી ૧૧મી આવૃત્તી

જે આપ સૌ રાહ જોઈ રહ્યા હતા તે ડીરેકટરીની પહેલું પ્રુફ તા. ૯-૩-૧૫ થી ૧૯-૩-૧૫ સુધી નીચેના સેન્ટર પર મૂકવામાં આવશે તેની નોંધ લેવી. તમારા નામની અને નંબરની ચકાસણી કરી લેવી કંઈ ભૂલચૂક હોય તો તેમાં સુધારો કરી લેજો.

તમારા સગાવ્હાલા બહારગામ તથા પરદેશમાં રહેતા હોય તો તેમના નંબરની પણ ચકાસણી કરી લેવી, તે માટે મંડળ જવાબદાર રહેશે નહીં.

જેમણે ફોર્મ નથી ભર્યા તેઓ વહેલી તકે ફોર્મ ભરીને આપી દે. ફોર્મ પ્રુફ સાથે મુકવામાં આવશે.

**પ્રુફ માટેના સ્થળોઃ**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘઃ** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૪, સમય બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦

૨) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ :** ૪૫/૪૯ બાબુગેનુ રોડ, મુંબઈ-૨, સમયઃ ૪ થી ૬

૩) **મયુર ટ્રેડીંગ કોર્પોરેશન :** ૧૫૮/૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૩, સમયઃ બપોરે ૨.૦૦ થી સાંજે ૫.૦૦

૪) **દોશી અજય પ્રવીણચંદ્ર :** બી-૧૨, નવરીલપવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, (EXT-1) ઈર્લા, વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૫૬, સમયઃ સાંજના ૫.૦૦ થી રાત્રે ૮.૦૦

૫) **કડકીઆ ગોપાલ રમણલાલ :** ૫/૫૦૧, જ્ઞાનદર્શન, એસ.વી.પી.રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭, સમયઃ ,સાંજના ૫.૦૦ થી રાત્રે ૮.૦૦

૬) **નીલેશ નવનીતલાલ શાહઃ** સી ૧૪, સરદાર સ્મૃતિ, એસ.વી.પી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨, સમયઃ સાંજના ૫.૦૦ થી રાત્રે ૮.૦૦

**સંયોજક/સહમંત્રી : શ્રી જસ્મીન બીપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦**

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૧૧ | ૨૧-૦૨-૨૦૧૫ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

✤✤✤

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

✤✤✤

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

✤✤✤

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

# જમાનો જાહેર ખબરનો

## લાઈફસ્ટાઈલમાં મોજ, શોખ, જોશ, મસ્તી ને આકાર આપતી ઝાકઝમાળ ભરી દુનિયા

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**સાંભળો! સાંભળો! સાંભળો!**

બાલાસિનોરવાસીઓ સાંભળો. રાજાધિરાજના બડેપુત્ર રાજકુમારના લગ્ન નિમિત્તે મહારાજા નગરની રૈયતને સોનાના સિક્કા આપવાના છે. દરેક ઘરના મોભી કાલે સવારે પ્રજા દરબારના સમયે રાજમહેલમાં આવી જજો. રાજદરબારના ફરમાન પ્રમાણે રાજાના માણસો ઢોલ પિટતા પિટતા ગામમાં આવી ગામવાસીઓને જાહેરમાં રાજાની ઈચ્છા, રાજાની ખબરની જાણ કરતાં, જાહેરમાં ખબર આપવી તેનું નામ જાહેરખબર.

જાહેરમાં, લોકો સમક્ષ, લોકોને જાણ કરવા, લોકોને પોતાની તરફ વાળવા, લોકોને આકર્ષિત કરવા, સ્વયંના, પોતાના વિચારો, ખબર, આવડત, કૃતિ, હુન્નર, કળા, વસ્તુ, પ્રોડકટને અલગ અલગ માધ્યમ દ્વારા પ્રદર્શિત કરવું, જાહેરમાં મૂકવું તેનું નામજ જાહેરખબર.

પહેલાના જમાનામાં રાજદરબારની વાતો જાહેરમાં આ રીતે કહેવાતી. તેવી જ રીતે ગામના ચોરેચૌટે ચોકમાં લોકો એકત્રિત થઈ જાહેરમાં અવનવી વાતો કરતાં, જાણકારી આપતા, લેતા અને વસ્તુઓની જાણકારી, ઉપયોગિતા સમજતાં, બીજાના કહ્યા પ્રમાણે વસ્તુઓ વાપરતા, વાતનો અમલ કરતા, નવા

નવા પ્રયોગો કરતા. માઉથ ટુ માઉથ પબ્લિસીટીનો જમાનો ત્યારે પણ હતો અને અત્યારે પણ છે. કિટી પાર્ટીમાં, સોસાયટી અને સમાજના મેળાવડામાં, મોલમાં, મોર્નિંગ વોકના ગ્રુપમાં વગેરે. ત્યાર પછી અખબાર, સમાચાર પત્ર આવતા થયા. ન્યુઝપેપરના માધ્યમ દ્વારા જાહેરખબર પહોંચાડવાનો માર્ગ ઘણો મોટો થયો. એશિયાનું સૌથી જૂનું અને પહેલું તેમજ વર્લ્ડમાં ચોથો ક્રમાંક ધરાવતું દૈનિક એટલે 'મુંબઈ સમાચાર' જેવું છાપું આવે એટલે મુંબઈ સમાચારમાં શેર-બજારની કોલમ અને મૃત્યુનોંધ અચૂક વંચાયજ. લોકોની નાડ પારખીને છાપામાં જાહેરખબર ખાસ છપાતી થઈ. બ્લેક એન્ડ વ્હાઈટ, રંગીન, સારા શબ્દો, લોભામણી શૈલી, કેચિંગ લાઈન્સ શરૂ થઈ, પૂરબહારમાં ખીલી જે આજપર્યંત ચાલુ છે.

ત્યારબાદ રેડિયો આવ્યા. આકાશવાણી, વિવિધ ભારતી, બિનાકા ગીતમાલા ઘરે ઘરે ગુંજવા લાગ્યા. અમીન સયાનીના ઘૂંટાયેલા સ્વર સાથે સાંભળનારના હૃદયના તાર મળી જતા હતા. મરફી અને બુશ બ્રાન્ડ સ્ટેટસ ગણાવા લાગ્યા. વિવિધ ભારતી અને બિનાકા ગીત માલા નો શોખીનો રેડિયો કાને ધરી સાંભળતા. લોકોને સવારથી પોતાની વાત સંભળાવવા જાહેરખબર વાળાના હાથમાં હવે રેડિયો પણ આવ્યો.

આઓ રાજુ આઓ રંજન,
જલ્દી લગાઓ દંતમંજન,
પપ્પા યે તો કાલા હૈ,
લેકિન યે ગુણવાલા હૈ... ડીંગ ડોંગ.

સવારથી જ ઘરવપરાશમાં આવતી અનેક

વસ્તુઓને ધ્યાનમાં રાખી જાહેરખબરોના ડીંગ ડોંગ અને ટેણ.. ટેણેણ ચાલુ થયા. ખબર આપવાની નીતી-રીતી, બનાવટ, માધ્યમ ભલે અલગ અલગ હોય પરંતુ જાહેરખબર પાછળનો આશય એકજ હોય છે. વિશેષ જાણકારીના આશય સાથે મારા મિત્ર તુષાર ફડિયા (એડવરટાઈઝીંગ એજન્સીના માલિક)ના સહયોગથી જાહેરખબરની અજબગજબની દુનિયા આપણે નિહાળી રહ્યા છીએ, વધુ નિહાળીશું.

જાહેરખભરના મુખ્ય ત્રણ પ્રકાર ગણાય છે. પહેલો પ્રકાર એટલે રેગ્યુલર. આ પ્રકારમાં કન્ઝયુમર્સ ગુડસ આવે છે. ફાસ્ટ મુવીંગ કન્ઝયુમર્સ ગુડસ્ (FMCG). ટી.વી., મ્યુઝિક સિસ્ટમ, ઓવન, વોશિંગ મશીન, સાબુ, ટૂથપેસ્ટ, હેઅર ઓઈલ, ખાદ્યસામગ્રી વગેરે. Parla-G ની Baby જેણે બિસ્કિટમાં તટખાટ મચાવી દીધો. એજ રીતે બીજી ગર્લ, લિરિલ - ગર્લની જાહેરખબરથી રાતોરાત લિરિલ સાબુ ઘર ઘરમાં જાણીતો અને માનીતો થઈ ગયો હતો. ગુલાબની પાંખડી વાળા હોજમાં ન્હાતા શાહરુખની જાહેરખબર દ્વારા અત્યાર સુધી ફક્ત સ્ત્રીઓ માટેનો ગણાતો લક્સ સાબુ પુરુષો પણ હોંશે હોંશે વાપરતા થઈ ગયા. હિન્દુસ્તાન લીવરનો કારોબાર દેશ-વિદેશમાં રૂપિયા-ડૉલર-પાઉન્ડમાં ફેલાઈ ગયો પણ સામી બાજુ શ્રી કરસનદાસ પટેલે ચાલુ કરેલો નિરમા સાબુએ બહુ ઉંચી મંઝિલ પ્રાપ્ત કરી, અને કોઈ સાબુ બનાવનાર અમદાવાદમાં વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી બનાવે તેવું પહેલી વાર બન્યું. તેમણે બીજા પણ સેવા ક્ષેત્ર અપનાવ્યા છે, ફક્ત જાહેરાતો દ્વારા સાબુ નથી વેચ્યા. સમાજમાંથી જે પ્રેમ મળ્યો તે વિવિધ સેવા ક્ષેત્રોમાં અપર્ણ કર્યો. દુકાનદાર પાસે લોકો કોલગેટ માંગે એટલે સમજી જાય કે ગ્રાહક ને ટૂથપેસ્ટ જોઈએ છે. અંગૂઠો એટલે જ Thums Up આ પ્રોડકટે ખૂબ ઉંચાઈ પ્રાપ્ત કરી. પ્રોડકટના નામ મોટા હોય પણ ઘણા ખોટા કામ પણ હોય છે. લીંબુની ફલેવર વાળા સાબુ માટે ‘કેમીકલ્સ’ વપરાય છે. તેવી જ રીતે કોલ્ડડ્રીંકમાં બોટલ પર નામ ભલે કંઈપણ લખ્યું હોય અંદર પ્રોડકટમાં ફલેવર્ડ કેમીકસ્લ જ ઉમેરાતા હોય છે જે છેતરામણા અને નુકસાનકર્તા છે.

બીજો પ્રકાર છે. ટેન્ડર. ટેન્ડર એટલે ગવર્મેન્ટ, કાર્યક્ષેત્રોમાં આવતા બધા પબ્લિક સેકટરને નવી ખરીદી માટે અચૂક ટેન્ડર મંગાવવું પડે છે. આપણી ગવર્મેન્ટના અણઘડ કાયદા મુજબ આ માટેના ટેન્ડરની જાહેરખબર ન્યુઝપેપરમાં આપવી જ પડે છે. જયારે વિદેશમાં આવું નથી. આ માટે આપણી ગવર્મેન્ટ આગળ પડતા અમુક ન્યુઝ પેપરના નામ નક્કી કરેલ છે જો કંપનીનું ટેન્ડર નાનું હોય તો ૨ થી ૩ ન્યુઝપેપરમાં જાહેરખબર મૂકી શકાય. ૧ કરોડની આસપાસ હોય તો ૪ થી ૬ ન્યુઝપેપરમાં જા.ખ. આપી શકાય છે. એમાં પણ ગ્લોબલ ટેન્ડર હોય તો જા.ખ. માટે પહેલી પ્રાયોરીટી ‘ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા’ને અપાય છે. બીજું ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, જેમ ચાર રિજન છે તો આવા ગ્લોબલ ટેન્ડર આખા ઈન્ડિયામાંથી ત્રણ રિજનમાં કંપની પોતાની જા.ખ. ન્યુઝપેપરમાં આપી શકે છે. હવે નાના કામો માટે પબ્લિક સેક્ટર ખરીદી માટેનું ટેન્ડર એમના નોટિસ બોર્ડ પર મૂકે છે. વેબસાઈટ પર પણ મૂકે છે.

ત્રીજો પ્રકાર એટલે રિક્રુટમેન્ટ (એપોઈન્ટ મેન્ટ વગેરે). પહેલાના જમાનામાં નજીકના ઓળખીતા પોતાના રેફરન્સ આપી અન્યને નોકરીએ ગોઠવી દેતા. આમાં નેગેટીવ સાઈડ એ છે કે ઘણીવાર રેફરન્સ આપનાર જવાબદારી લેતા નથી. એટલે માણસોની ભરતી માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ ચાલુ થઈ. અલગ અલગ માધ્યમ દ્વારા કોન્ટેકટ કરવા, ઈન્ટરવ્યુ લેવા, ભરતી કરવી આ માટેની જાહેરખબરની માર્કેટ સારી એવી છે.

સારી એવી રીતે માર્કેટમાં છવાઈ જવા ૧૫ થી ૨૦ વર્ષ પહેલાં જાહેરખબર વાળાએ મોડેલોનો ભરપૂર ઉપયોગ કરેલો, જે સફળ થયેલો. અર્જુન રામપાલ, મિલિંદ સોમણ, મધુ સપ્રે, મેહર જેસિયા જેવા ખ્યાતનામ મૉડલોના ચહેરા પોડકટના સેલની ગેરંટી આપતા હતા. અત્યારે ક્રિકેટર, સ્ટારડમ, સેલિબ્રિટીઝ છવાઈ ગયા છે.

જાહેરખબરના ફાયદા એટલે ચોઈસ મળે, પ્રોડકટ વિશેની માહિતી મળે, વિદેશી પ્રોડકટ મેળવી શકાય. મળતા થઈ ગયા. પ્રોડકટ તમારા એરિયામાં મળતા થઈ ગયા. સામી બાજુ ગેરફાયદા પણ છે. લોકો દેખાદેખી કરતા થયા. કંપનીઓ પોડકટ્માં ધૂમ કમાણી કરતી થઈ ગઈ. દાતઃ પાણીની બોટલ, વેફર પેકેટ્સ વગેરે. પ્રોડકટ ક્વોલિટી ઉતરતી કક્ષાની થવા લાગી. જાહેરખબર છેતરામણી થતી ગઈ.

પબ્લિકને પક્કડમાં રાખવા મજબૂત સ્લોગન્સ, કેચીંગ લાઈન્સ વપરાવા લાગ્યા. અટર્લી બટર્લી ડેલિસિયસ (અમૂલ બટર), ઠંડા ઠંડા કૂલ કૂલ (ડર્મીકૂલ) એજ રીતે જાહેરખબરવાળા અલગ અલગ માધ્યમોનો ઉપયોગ કરવા લાગ્યા. ન્યુઝપેપર, પરિપત્ર, પત્રો, મેગેઝીન, મીડીયા, રેડિયો, ટી.વી., સિનેમા, કોમ્પ્યુટર, મોબાઈલ, આઉટ ડોર, બસ, રેલ્વે, હોર્ડિંગ, બેનર, મુવીંગવેન, બલુન વગેરે. બધું ગણાવવું શક્ય જ નથી.

અત્યારના જમાના, ટ્રેન્ડ અને માર્કેટ પ્રમાણે જાહેરખબર આપવાના નોખા માધ્યમ એટલે ડાયરેકટ મેઈલર, વેબસાઈટ, મુવીંગ કમર્શિયલ એડ વગેરે. ડાયરેકટ મેઈલર મિડિયમમાં કોઈની પાસેથી ડેટા લઈ લીધા પછી બહોળા વર્ગ (માસ)માં પોતાની પ્રોડકટનો ફેલાવો કરવો. નજીકના એરિયામાં પરિપત્ર, ફરફરિયા, કેબલ, ઈમેલ, મેસેજ, વૉટ્સએપ, પેનડ્રાઈવ દ્વારા

જાહેરાત આપવી વગેરે. વેબસાઈટ મિડિયમ આમાં પોતાની પ્રોડકટ (કંપની જે બનાવતી હોય) વાળા વેબપેઈજની ડીમાન્ડ ખૂબ હોય છે. દા.ત.: Ballpen Click કરો એટલે પહેલા પેઈજ પર માહિતી સાથે બોલપેનના ફોટા અને અમુક બ્રાન્ડ નેઈમ દર્શાવ્યા હોય. આવા પ્રથમ ત્રણ પેઈજની ખૂબ ડીમાન્ડ હોય છે. લોકો પોતાને જોઈતી આઈટમ વેબસાઈટ પર પહેલા ત્રણ પેઈજ પરથી જ મોટા ભાગે મેળવી લે છે એટલે ત્યાં પોતાની જા.ખ. મૂકવાના સ્પે. ભાવ લેવાતા હોય છે. તેમાંથી જ મોટી કમાણી વેબસાઈટ વાળા કરે છે. મુવીંગ કમર્શિયલ એડમાં રોડ પર મૂકેલા મોટા ટ્રક પર જા.ખ. મૂકાય છે. આ ટ્રક નક્કી કરેલા એરિયામાં ગોળાકારે ફરતી રહે છે. શૅવરોલેટ ગાડીએ ગાડીના બોડી પર જા.ખ.નું ગતકડું વહેતું કરેલું. આમાં રોડ-શો વગેરે રોડ, મોલ, કંપાઉન્ડમાં કંપનીના લોગો વાળા T-Shirt, Cap વગેરે પહેરી મોબાઈલ, શેવીંગ કીટ, બેંક મ્યુચ્યુઅલ ફંડ વગેરેની જાહેરખબર થતી હોય છે.

આપણને T-Shirt,Cap ની શું જરૂર છે ? જે જે શ્રી ગોકુલેશ બોલો એટલે સામેવાળાને ખબર પડી જાય આ બાલાસિનોરવાળા છે અને હું તો કહું છું. જાહેરખબરનું શ્રેષ્ઠ માધ્યમ એટલે આપણું જ્યોતિપુંજ. જેમાં પ્રેમ અને સત્કાર છે. આદર અને બંધુત્વ ભાવ છે. સમાજ પ્રત્યેની કર્તવ્ય પરાયણતા છે. જયોતિપુંજમાં આવતી જાહેરખબર અમેતો વાંચીએ છીએ, સૌને વંચાવીએ છીએ, સૌની કારકિર્દી વધે તેવી શુભેચ્છા પણ પાઠવીએ છીએ. વાંચો અને વંચાવો જ્યોતિપુંજ બારેમાસ.

✤ ✤ ✤ ✤ ✤

# બદલાવ પ્રકૃતિનો નિયમ

✍ નિખિલ પરીખ

આપણા શરીરમાં રોજ ૫૦ થી ૭૦ અબજ કોષો (Cells) નાશ પામે છે. અને એનાથી થોડાક ઓછા કોષો રોજ નવા જન્મે છે. આપણા વાળ રોજ ચોક્કસ સંખ્યામાં ખરે છે અને રોજ થોડા લાંબા થાય છે. રોજ ઝાડ ઉપર નવી કુંપળો ફુટે છે. રોજ નવા ફુલો થાય છે. રોજ છોડ કે ઝાડ એની પ્રકૃતી મુજબ એક મીલીમીટરથી માંડીને એક ફુટ (વાંસ) સુધી વધે છે. રોજ પૃથ્વી ઉપર કરોડો જીવ જન્મ લે છે અને કરોડો મૃત્યુ પામે છે. સૂર્ય રોજ થોડો થોડો ઠંડો પડતો જાય છે. હજારો તારાઓ ગ્રહો ઉપગ્રહો રોજ પોતાનું સ્થાન બદલે છે. દરિયામાંથી કરોડો ગેલન પાણી રોજ વરાળ થાય છે અને એટલું જ પાણી રોજ નદીઓ વાટે દરિયામાં ઠલવાય છે. ઋતુ ચક્ર રોજ થોડું થોડું ફરતું રહે છે. રોજ સવાર પડે છે અને ધીરે ધીરે એ રાતમાં અંતે પાછી સવારમાં બદલાય છે. રોજ આપણા જીવનનો એક દિવસ ઓછો થાય છે અને આપણી વયમાં રોજ એક દિવસ ઉમેરાય છે.

ટુંકમાં આપણા આ વિશ્વમાં, આપણી આસપાસમાં, કુદરતમાં કે વિજ્ઞાનમાં કશું પણ સ્થિર નથી. ઘડિયાળના કાંટા સાથે. કેલેન્ડરોના વર્ષો સાથે દરેક વસ્તુ બદલાતી રહે છે. ભગવાને માનવજાત માટે પણ મઝાની સ્ક્રીપ્ટ લખી છે અને એને આપણા પુર્વજોએ જયોતિષ શાસ્ત્રમાં ગ્રહો અને નક્ષત્રો સાથે જોડી દીધી છે. આમ આપણા દિવસો કહો કે નસીબ કહો એ બદલાતા ગ્રહો સાથે જોડાયેલા છે. સુખ અને દુઃખ પણ આપણને કાયમી નથી આપ્યા અને એજ મોટું આશ્વાસન છે, માનવજાત માટે. આજનું દુઃખ કાલે નહી તો થોડા વર્ષોમાં સુખ તરફ લઈ જવાનું જ છે. એટલે એનાથી હાર્યા વગર એને ભગવાનનો પ્રસાદ અથવાતો કસોટી સમજીને તટસ્થતાથી જીરવવાનું છે. આજ રીતે આજનું સુખ કાલે છીનવાઈ જવાનું છે. એ સમજીને આજના સુખનું અભિમાન ન કરતાં એને સમજણ પુર્વક માણવાનું છે. દરેક મુશ્કેલી પ્રયત્ન કરતાં કરતાં દુર થવાની જ છે એ હિંમત સાથે પોઝીટીવીટી સાથે એનો સામનો કરવાનો છે. બદલાતી વય સાથે માણસની જરૂરિયાતો અને જવાબદારીઓ પણ બદલાય છે. યુવાનીમાં ન સમજાતી દુનિયાદારી વય સાથે સમજાવા લાગે છે. જીવનની પ્રાયોરીટી (પ્રાથમીકતા) બદલાય છે. છોકરાઓની અને વ્યવસાયની જવાબદારી ઓછી થાય અને વૃદ્ધાવસ્થા દેખાવા લાગે છે. એટલે સ્વાભાવિક રીતે માણસો ભગવાન તરફ, આધ્યાત્મિકતા તરફ વળે છે. રોજીંદી પ્રવૃત્તિમાં ધર્મ, ધ્યાન, સેવા, પુજા વધુને વધુ સમય લેતા થાય છે. ફરવાના શોખીનો પર્યટન કરતાં જાત્રાઓ કરતાં થાય છે. પુણ્યના પોટલાં બાંધવાની શરૂઆત થાય છે. પણ આખી જીંદગી જે નથી કર્યું એ ઉતાવળમાં કે સમજણ વગર કરવા જતાં ભગવાન કરતાં સેવાની ક્રિયાઓ, સેવાની રીતો તરફ ધ્યાન વધુ જાય છે. આમ જ સેવા કરાય ને આમજ ભોગ ધરાય નહી તો પાપ લાગે એવા લોકવચન થી ખરેખર ભક્તિ બાજુ ઉપર રહી જાય છે.

જો ભક્તિ સેવા પુજા કે આધ્યાત્મિક વાંચન વૃધ્ધાવસ્થાનો ઓપ્શન ન બનતાં યુવાનીમાંજ શરૂ કરવામાં આવે તો વિચારોમાં વિશાળતા આવે છે. મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોનો ઉકેલ શોધવા માટે એને સમજવા માટે વધુ સમય મળે છે. ખેર કોઈ પણ ઉંમરે આ બધાની શરૂઆત થાય. પરંતુ ભક્તિ, સેવા, પ્રાર્થના. વાંચન સાથે આપણા સ્વભાવમાં, આપણા બીજા સાથેના વર્તનમાં, આપણા આચરણમાં, વ્યવહારમાં બદલાવ આવવો જોઈએ. જન્મ સાથે મળેલાં શુદ્ધ આત્મા ઉપર વયની સાથે ઈર્ષ્યા, દ્વેષ, અભિમાન, ક્રોધ, મોહ જેવા અનેક થરો જામતાં જાય છે. દરેક માળા સાથે દરેક જાપ સાથે દરેક પરિક્રમા સાથે આત્મા ઉપર લાગેલાં આ

થરો ધીરે ધીરે ઉખડવા જોઈએ. એમની માત્રામાં બદલાવ આવવો જોઈએ। ઘણા લોકોમાં આ બદલાવ આવે જ છે પરંતુ એની ગતિ ઘણી ધીમી હોય છે એનાથી પણ ધીમી ગતી માણસના સ્વભાવના બદલાવવાની હોય છે. આપણો સ્વભાવ થોડો ઘણો જન્મજાત હોય છે. કેટલાંક સંજોગો અને સમય સાથે સફળતા અને નિશ્ફળતા સાથે આજુબાજુના લોકો અને એમના આપણી સાથેના વ્યવહારથી બદલાતો હોય છે. સમય જતાં એ સ્વભાવ આપણી પ્રકૃતિ બની જાય છે. આ પ્રકૃતિ આપણને અને આપણી આજુબાજુના લોકોને અનુકુળ હોય ત્યાં સુધી ઠીક છે. પરંતુ જો એમની પ્રતિક્રિયા આપણા માટે પ્રતિકુળ હોય તો એ બદલવાની જરૂર છે. ઘણા લોકો વૃદ્ધાવસ્થામાં અસલામતી અને પોતાનું વર્ચસ્વ ગુમાવવાના ભયથી સ્વભાવ બદલતાં ડરે છે. પરંતુ ઉંમરની સાથે સાથે જો ભગવાનની નજીક જવું હોય તો માફી માગવાનો અને માફ કરી દેવાનો, છોડીદેવાનો અને આપી દેવાનો સ્વભાવ કેળવવાની જરૂર છે. આ બદલાવ ફક્ત વિધિઓમાં અટવાયેલી ધાર્મિકતા વધારવાથી નહી આવે. એ માટે આત્મમંથન, ધ્યાન, મનનની, જાત સાથે વાતો કરવાની જરૂર છે. શું બદલવાની જરૂર છે અને નક્કી કરવાની અને એમાં મક્કમતાપુર્વક બદલાવની તૈયારી જરૂરી છે. આ શરૂઆત જેટલી જલ્દી અને નાની ઉંમરથી શરૂ કરીએ એટલું સારું છે. બાકી સમય આપણા માટે ઉભો રહેતો નથી. એ તો સતત રેત ઘડિયાળમાં રેતી સરકે એમ સરતો રહે છે. અને બદલાતો જ રહે છે. આપણે આપણા બદલાવની ગતિ એની સાથે મેચ કરવાની જરૂર છે.

✤ ✤ ✤ ✤ ✤

## જાહેર ડૉનેશન

**સ્વ. સાંકરલાલ બાબુલાલ કડકીઆ તથા સ્વ. ઈચ્છાબેન સાંકરલાલ કડકીઆ (રેણાવાળા)**
**હસ્તે : શ્રી જયંત કડકીઆ તથા શ્રીમતી ઈલેન કડકીઆ**
**તથા પુત્રીઓ તાન્યા અને માયા**

તરફથી વિવિધ સંસ્થાઓને નીચે મુજબનાં દાન પ્રાપ્ત થયેલ છે. બધી સંસ્થાના હોદ્દેદારો ઉપરોક્ત દાતાનો આભારમાને છે.

| | | |
|---|---|---|
| ૧) | **શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ** | **રૂા. ૨,૦૦,૦૦૦/-** |
| ૨) | **વાડાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ** | **રૂા. ૨,૦૦,૦૦૦/-** |
| ૩) | **કે.એમ.જી.જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ** | **રૂા. ૨,૦૦,૦૦૦/-** |
| ૪) | **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** | **રૂા. ૧,૦૦,૦૦૦/-** |
| ૫) | **શ્રી બાલાસિનોર કેળવણી મંડળ** | **રૂા. ૧,૦૦,૦૦૦/-** |

**(કુલ્લે રૂા. ૮,૦૦,૦૦૦/- આઠ લાખ પુરા)**

# રોમ રોમમાં રાધા... શ્વાસ શ્વાસમાં શ્યામ ....

✍ દેવાંગ રાજેન્દ્ર મોદી

**''જો પૂછવું હોય સરનામું શ્યામનું**
**તો લખો C/o રાધાના નામનું''**

આ નભ ઝૂંક્યું તે કાનજી ને ચાંદની તે રાધારે...
આ સરવર જળ તે કાનજી ને પોયણી તે રાધારે...
આ પરવત શિખર તે કાનજી ને કેડી ચડે તે રાધારે...
આ દીપ જલે તે કાનજી ને આરતી તે રાધારે ...
આ લોચન મારા કાનજી ને નજરૂ જુએ તે રાધા રે ...

**પ્રિયકાંત મણિયાર**

## કૃષ્ણ એટલે આકર્ષણ

ગો એટલે ઈન્દ્રિય ... અને વિંદ એટલે ચરાવવું તે ... જે આપણી ઈન્દ્રિઓને ચરાવે છે તે ગોવિંદ છે ... અને રાધા એટલે રાધે... રાહ દે ...

પાંચ હજાર વર્ષ પહેલા બનેલી ઘટના એટલી જ જીવંત લાગે છે નહિ... કોઈએ કૃષ્ણને આખે આખા પૂજયા છે તો કોઈએ એની મોરલીની, કુંડળની પૂજા કરી છે. કોઈએ મોર-મૂકુટની સેવા કરી તો કોઈએ બાળ સ્વરૂપે પૂજ્યા છે. તો કોઈએ રાધાજીની પૂજા કરી છે. કૃષ્ણ જન્મ્યાનો એ સમય આજે પણ રોમાંચ અનુભવાય છે. કૃષ્ણ માનવ ? કે કૃષ્ણ અવતાર ? કૃષ્ણ આજે હોત તો ? કૃષ્ણ તો અહીંજ છે. આપણી આસપાસમાં શ્વાસે શ્વાસમાં ...

એની પ્રતિતી તો આપણને રોજ રોજ નવી લખાતી કૃષ્ણ કવિતાઓમાં, પદોમાં ને ભજનોમાં થાય છે. એની સુંદરતાનું વર્ણન લખવા બેસીએ તો પાનાઓના પાના ભરાય ને શ્રાવણ માસની ઝરમરમાં જયારે ઠાકોરજી હિંડોળે ઝૂલે ને સમગ્ર સૃષ્ટિ એના ગુણ ગાન ગાય ત્યારે કૃષ્ણ વિશે કંઈક નવું લખાઈ જ જાય ને માટે જ એમ કહેવાયું છે કે કૃષ્ણને ભજવા કવિ હૃદય જોઈએ. દુનિયામાં કોઈ એવો ભગવાન નહીં હોય કે જેના માટે કે એની સુંદરતાનું વર્ણન કરવા રોજ એક નવી કવિતા લખાઈ હોય. એટલે જ કહેવાય કે કવિઓ કૃષ્ણ સુધી પહોંચ્યા છે. ને મારે તો આજે અહીં રાધા અને કૃષ્ણના પ્રેમની જ વાત લખવી છે.

'કૃષ્ણ શબ્દ છે તો રાધા એનો અર્થ છે
કૃષ્ણ મોરલી છે તો રાધા એના સૂર છે.
કૃષ્ણ ફૂલ છે તો રાધા એની સુગંધ છે
કૃષ્ણ સમુદ્ર છે તો રાધા એની તરંગ છે
કૃષ્ણ દેહ છે તો રાધા એની આત્મા છે'

કૃષ્ણ માટે તો ઘણું લખાયું છે. જો વૃષભાનની દુલારી રાધાજી વિશે લખું તો 'વનરાવન તરફ જતા રસ્તામાં થોડું રાધાનું રૂપ હશે ઢોળાયું ! શાહજહાંએ ભરી લીધું ને તાજમહાલ પર હશે ઢોળ્યું !

પ્રેમના પરિણામ ને જે માપદંડ થી મપાય છે એનો એક છેડો રાધા અને બીજો છેડો કાન્હા. ને એટલે જ કહેવાય છે કે બિન રાધા કૃષ્ણ આધા.

કૃષ્ણ તો કહે છે. જો કોઈ 'રા' શબ્દનું ઉચ્ચારણ કરે અને હું ઉત્તમ ભક્તિ આપું છું. અને 'ધા' શબ્દ સાથે રાધાનું પૂરૂ ઉચ્ચારણ કરે તો એનામ સાંભળવાનો લોભી હું એની પાછળ ચાલું છું.

ને વ્રજલીલાના વર્ણનમાં કૃષ્ણની પાછળ ક્યાંક ને ક્યાંક ''રાધા'' જોડાયેલી છે. માટે વ્રજલીલાની કોઈ પણ બાબત રાધા વિના સ્વીકારવા આપણું મન તૈયાર થશે નહિં રાધા સાથે રાસ રમતો કૃષ્ણ હોય કે રાધાની

મટકી ફોડતો કૃષ્ણ કે કાન્હાની વાંસળીના સૂરસાંભળી દોડી આવતી રાધા.

છતાં પણ યમુનાના મીઠા જળ છોડીને દ્વારકાધીશ બનેલા કાનાએ દ્વારકાધીશ બનવામાં ઘણું ગુમાવ્યું છે. ગોકુલ થી મથુરા ગયા પછી ને રાધાથી વિખૂટા પડયા પછી કૃષ્ણએ જીંદગીભર એમની પ્રિય વાંસળી વગાડી નથી. શંખ ફૂંક્યો છે. જો વાંસળી વગાડે તો રાધા યાદ આવે. માટે જો આજના પ્રેમી પંખીડાઓ માટે લખું તો પૂર્ણ પ્રેમ વિરહમાં છે. ત્યાગમાંજ છે. રૂકમણી તો કૃષ્ણને પામીને વિલીન થઈ ગઈ. રાધા આજ સુધી અમર છે ને જો કોઈને પ્રેમનો મતલબ અહીં સમજાયના તો સીધો ને સરળ અનુવાદ રાધા.... સીધો ને સરળ અનુવાદ રાધા ...

✤ ✤ ✤ ✤ ✤

## ઘરગત્તા

✍ **ઉપેન કડકીઆ (બાલિશ)**

ઘરની ચાર દિવાલમાં ,ઘુંટાતું રહસ્ય ઘરગત્તા
પાપ પુણ્યનાં કર્મે , બંધાતી દિવાલ આ ઘરગત્તા
સ્નેહ હૂંફ ઓછે વત્તે , ઘરની મૂળી ઘરગત્તા
મોટાંની ગંભીરતાને બાળકોની મસ્તી ઘરગત્તા
બે હોય કે ચાર ઓછી વધુ વસ્તી ઘરગત્તા
આવ્યાં એટલે સંસારમાં માનવી ઘુંટાય છે
કેમે કરીને ના મોહમાયાનાં બંધનથી છુંટાય છે
કર્મ પ્રમાણે સુખદુ:ખતો ભોગવવાજ ઓછાં વત્તા
કંઈ પણ કરીને આ ...
Blind Game રમવીજ પડે ઘરગત્તા

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

૧) સ્વ. સાંકરલાલ બાબુલાલ કડકીઆ તથા સ્વ. ઈચ્છાબેન સાંકરલાલ કડકીઆ (રેણાવાળા)
હસ્તે : શ્રી જયંત કડકીઆ તથા ઈલેન કડકીઆ તથા પુત્રીઓ તાન્યા અને માયા
રૂા. ૧,૦૦,૦૦૦/-

૨) સ્વ. શકુંતલાબેન શશીકાન્તભાઈ ધારીઆ (લાલખાં) ના સ્મતિરૂપે શ્રી શશીકાંતભાઈ ઓચ્છવલાલ ધારીઆ (લાલખાં) રૂા. ૧,૨૫,૦૦૦/- આપણી યોજના ગીરીપુજા કોકીલાબેન પ્રવીણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના હેઠળ મળ્યા છે.

૩) સ્વ. શ્રી બાબુલાલ સાંકરલાલ શાહ (ઝાટ)
હસ્તે : મંજુલાબેન બાબુલાલ શાહ (ઝાટ) પરિવાર તરફથી રૂા. ૨,૫૦,૦૦૦/-

સંસ્થા સૌનો આભાર માને છે.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી**

# Shri Surendrabhai Parikh (Surendra Eng. Corpn), Shri Daxeshbhai, Shri Minishbhai (Kadakia Enterprises) Indoor Games Results 2014-15

## MUMBAI VIBHAG

**Chess Junior - Below 12 Years**

1st - Meet Kadakia
2nd - Henil Desai
3rd - Krish Shah

**Chess Junior - Below 18 Years**

1st - A kash Dharia
2nd - Karish Kadakia,
3rd - Prerak Gandhi

**Chess - Above 18 Years**

1st - Bhavik Dharia
2nd - Rajesh Dharia
3rd - Viral Gandhi

**Carrom Junior Single - Below 12 Years**

1st - Vihaan Dharia
2nd - Krish Shah
3rd - Meet Kadakia

**Carrom Junior Single - Below 18 Years**

1 st - Kunal Desai
2nd - Bhargav Desai
3rd - Akash Dharia

**Carrom Single - Above 18 Years**

1st - Bhavik Dharia
2nd - Rajesh Dharia
3rd - Devang Parikh

**Carrom Female Single**

1st - Pratiksha Gandhi
2nd - Sejal Gandhi
3rd - Krisha Parikh

**Carrom Doubles - Below 12 Years**

1 st - Vihaan Dharia & Meet Kadakia
2nd - Krish Shah & Vijit Sheth

**Carrom Junior Doubles - Below 18 Years**

1st - Prerak Viral Gandhi & Krunal Desai
2nd - Dhruvin Sachin Kadakia & Akash Sameer Dharia
3rd - Bhargav DeSai & Kanish Kadakia

**Carrom Superhit Muquabla**

1 st - Devang Parikh & Krish Shah
2nd - Jignesh Kadakia - Krisha Parikh
3rd - Pratiksha Gandhi & Dhrumin Kadakia

**Carrom Doubles - Above 18 Years**

1st - Bhavik Dharia & Jignesh Kadakia
2nd - Devang Parikh & Jai Parikh
3rd - Sachin Kadakia & Rajesh Dharia

**Carrom Female Doubles**

1st - Sejal Gandhi & Shefali Manish Kadakia
2nd - Shreeya Jasmine Sheth & Pratisha Gandhi
3rd - Jigna Dharia & Panna Desai

**Carrom Mix Doubles**

1 st - Mona Shah & Bhavik Dharia
2nd - Jigna Dharia & Devang Parikh
3rd - Shefali Kadakia & Jai Parikh

✤ ✤ ✤ ✤ ✤

## સમય

✍ સરલાબેન દેસાઈ (દેડકી)

સમય સમયનું કામ કરે, પણ હું સમયને ઓળખીના શકી,
સમયના સથવારે બેઠી, આશાના કિનારે બેઠી,
સમયની લાકડી તો વાગી, હસતા મુખે ઝીલી લીધી.
ચાલ ચાલ આ સમય સથવારે,
નીચા નમીને પાપણ દ્વારે તુ અલબેલો કામણ ગારો
ધીમી ગતીએ આવનારો, કડવી મીઠી લાકડી તારી
શક્તિ દેજે હે અવીનાશી ...

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
## અનુકરણીય દાન/દાન વચન

ચાલુ માસ દરમ્યાન મંડળને નિચે મુજબ દાન/દાન વચન મળેલ છે.

૧) મંડળ દ્વારા પ્રાયોજીત - એન્જીનિયરીંગ યોજના - Engineering Education Scheme માટે રૂા. ૭,૫૦,૦૦૦ (રૂા. સાત લાખ પચાસ હજાર) શ્રી પ્રકાશભાઈ મંગળદાસ ધારીઆ તરફથી દાન પ્રાપ્ત થયેલ છે.

૨) શ્રી દિનેશભાઈ ચીમનલાલ પરીખ (રાઠોડીઆ) તરફથી રૂા. ૫૧,૦૦૦ (રૂા. એકાવન હજાર) દાન વચન પ્રાપ્ત થયેલ છે.

૩) શ્રી હિતેશ રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) તરફથી લગ્ન પ્રસંગે રૂા. ૧,૦૦,૦૦૦ (રૂા. એક લાખ) દાન વચન મળેલ છે.

૪) ચંદનબેન મણીલાલ ચંદુલાલ પરીખ (અધોળી) ના પરિવાર તરફથી રૂા. ૧૧,૦૦૦ (રૂા. અગિયાર હજાર)નું ન્યાસફંડ મળેલ છે. મંડળ દાતાશ્રીઓનો અને તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

આજથી પાંચ વર્ષ પહેલા મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરીયાતને ધ્યાનમાં લઈ, પ્રત્યેક દાતા તરફથી પાંચ વર્ષ માટે દર વર્ષે રૂા. ૧૦,૦૦૦ના વાર્ષિક દાન-યુનીટ આવકારતી યોજના જાહેર કરવામાં આવી હતી. જેનાં ઉપક્રમે દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવતી.

આ દાન-યુનીટ યોજનાને દાતાઓ તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો અને તેને અનુલક્ષી આ યોજના આવતા પાંચ વર્ષના સમયગાળા માટે પણ ચાલુ રાખવામાં આવી છે.

આ દાન-યુનીટ યોજનાનાં રૂા. ૧૦,૦૦૦ ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા ઈચ્છુક દાતાઓને આ સાથે નવેસરથી અપીલ કરીએ છીએ. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળઅની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**માનદ્ મંત્રીઓ - મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન શેઠ**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મૃત્યુ પામેલ સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

# બાલાસિનોર વિદ્યા મંડળ
## પ્રશંસનીય દાન

૧) આપણી સંસ્થાને રૂા, ૧,૨૫,૦૦૦/- (અંકે રૂા. એક લાખ પચીસ હજારનું માતબર દાન શ્રી શશીકાંતભાઈ ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) અને તેમના પરિવાર તરફથી શશીકાંતભાઈના ધર્મપત્ની શ્રીમતી શકુંતલાબેન ધારીઆની મધુર યાદમાં 'ફી રાહત યોજના' હેઠળ ન્યાસફંડ માટે મળ્યું છે.

ન્યાસફંડની રકમના વ્યાજમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક ફીમાં રાહત આપવામાં આવે છે.

૨) સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ)નું માતબર દાન શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકીઆ (C.A.) તરફથી નોટબુક યોજના હેઠળ ન્યાસફંડ માટે મળ્યું છે.

ન્યાસફંડની રકમના વ્યાજમાંથી સંસ્થા દર વર્ષે સુંદરમ ની રૂા. ૧,૪૦,૦૦૦/- ના મુલ્યની લોંગ નોટ બુક વિદ્યાર્થીઓને ખુબજ ઓછા દરે આપે છે. કોલેજમાં આશરે U.G. અને P.G. ના ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આનો લાભ લે છે. શ્રી રાજેશભાઈ સંસ્થાના વર્ષોથી માનદ્ સભ્ય છે અને M/s Ernst & Young (Leading Tax Firm ) સાથે સંકળાયેલા છે.

સંસ્થાના કારોબારી સભ્યો જ્યોતિપુંજના માધ્યમ દ્વારા બંને દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં તેમનો ઋણ સ્વીકાર કરે છે. અને પરમકૃપાળુ પરમાત્માને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાથના કરે છે.

## જાહેર નિમંત્રણ

બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત સંગીતા કિરણ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહેવા આપ સૌને અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

**વ્યાખ્યાન : આદરણીય ડૉ. ગૌતમભાઈ પટેલ**
**વિષય : મહાભારતમાં શ્રીકૃષ્ણ**
**દિવસ : ગુરૂવાર, ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૫**
**સમય : સાંજે ૫.૩૦ થી ૭.૩૦**
**સ્થળ : લાયન્સ કોમ્યુનીટી સેન્ટર, તળાવ દરવાજા, બાલાસિનોર**

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતી વતી.**

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે **સમીર જયેન્દ્ર ગાંધી** - નિકોશી ટ્રેડીંગ કાું. ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, ફોનઃ ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭, Email: samir@nikoshi.co.in ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહીં.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - સમીર ગાંધી**

# ત્રીજી અને આખરી જાહેર નોટીસ

વર્ષ ૧૯૪૯માં આપણા સૌના વડીલોએ ગેરતપુર સ્ટેશન નજીક (હાલ પૂર્વ અમદાવાદ) હાથીજણ વિસ્તારમાં તથા આસપાસના વિસ્તારમાં રહેઠાણ હેતુ માટે જમીન ખરીદેલ અને તે ધી દશાનીમા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી રજીસ્ટર્ડ નંબર બી-૫૭૨ તરીકે અસ્તીત્વમાં આવેલ. મળેલ માહિતી અનુસાર ઉપરોક્ત ધી દશાનીમા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીમાં આશરે ૯૫ સભ્યો નોંધાયેલ હતા. ત્યારબાદ જે સભ્યોએ કોલમનીના પૂરેપૂરા પૈસા ભરેલ હતા તેવા સભ્યોને પહોંચ/ શેરસર્ટીફીકેટ મોકલવામાં આવેલ હતા. કોલમનીના પૈસા ના ભર્યા હોય તેવા નામો કેન્સલ કરવામાં આવેલ હતા. ઉપરોક્ત માહિતી હાલમાં સભ્યો પાસેથી મળેલ પત્રવ્યવહાર તથા પહોંચના સહારે ઉપરોક્ત લખાણ લખેલ છે. ઉપરોક્ત સોસાયટીનો વહીવટ આપણી જ્ઞાતિના વડીલ શ્રી મણીલાલ છોટાલાલ ધારીઆ વહીવટકર્તા તરીકે અને સને ૧૯૪૯ થી ૧૯૫૨ સુધી માનદ્ મંત્રી તરીકે ફરજો બજાવતા હતા. ઉપરોક્ત સોસાયટીની જમીનો ગણોતધારાના કાયદાને લીધે કોર્ટ કેસમાં હતી. ગણોતધારો રહેઠાણની સોસાયટીને લાગુ ના થાય તેવો ચુકાદો સોસાયટીની તરફેણમાં સરકારશ્રી તરફથી ૨૦૧૨માં આવેલ છે. શ્રી મણીલાલ છોટાલાલ ધારીઆના અવસાન બાદ તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી ચંદ્રકાંત મણીલાલ ધારીઆએ ઉપરોક્ત જમીનો પૈકી ઘણી જમીનો ધી દશાનીમા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.ના સભ્યોની સંમતિ અને જાણ વગર તથા સોસાયટીની ખાસ સામાન્ય સભા બોલાવ્યા વગર ડીસેમ્બર ૨૦૧૩માં વેચાણ કરેલ છે. આ માટે બોર્ટ ઓફ નીમીનીઝ સાહેબ અમદાવદની કોર્ટમા કોર્ટ કેસ નં. ૨૫૫/૧૪ તથા ૩૨૭/૧૪ દાખલ કરેલ છે. અને નામદાર કોર્ટ મનાઈ હુકમો ફરમાવેલ છે. સદર કેસો હાલ પડતર છે.

આથી સર્વે સભ્યોને (વારસોને) આ સાથે જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત સોસાયટીમાં તમારા હક્ક, હિત, સંબંધે જેવા કે શેરસર્ટીફીકેટ, સોસાયટી સાથેનો પત્રવ્યવહાર અથવા સોસાયટીને લગતું અન્ય સાહિત્ય હોય તો તેની નકલો નીચે દર્શાવેલ જ્ઞાતિબંધુઓને મોકલી આપવા નમ્ર વિનંતી છે. સદરહુ નકલો પ્રાપ્ત થયા પછી નામદાર કોર્ટ સમક્ષ સોસાયટીના સભ્યોની ફાઈનલ યાદી રજુ કરવાની છે.

**૧) શ્રી પ્રવિણભાઈ દેસાઈ (દેડકી) - ૯૮૨૦૪૦૪૦૮૪**

**૨) શ્રી પંકજભાઈ ધારીઆ (લાલખા) - ૯૮૨૧૦૨૮૭૬૨**

**૩) શ્રી નીમીષભાઈ કડકીઆ (મલમ) - ૯૮૧૯૪૩૭૩૨૧**

તે ધી દશાનીમા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના સભ્યો / અગ્રણ્ય જ્ઞાતિબંધુઓ

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ**

**(૧) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પઃ** તા. ૧૮-૧-૧૫ને રવિવારના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં કુલ ૧૨૩ દર્દીઓએ લાભ લીધેલ. બધા જ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ રૂા. ૪૬૪૦/- ના ફ્રી કરવામાં આવેલ. તમામ દર્દીઓને સાત દિવસની રૂા. ૧૭૮૩૫/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓની ટીમે સેવાઓ આપેલ. હવે આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પ તા. ૧૪-૬-૧૫ના રોજ યોજવામાં આવેલ છે.

**બાલાસિનોર કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ વિભાગોમાં**
**તા. ૧-૪-૧૪ થી તા. ૩૧-૧૨-૧૪ દરમ્યાન દર્દીઓએ લાભ લીધેલ.**

| | | |
|---|---|---|
| ૧) | મણીલાલ ચંદુલાલ પરીખ એકસરે વિભાગ | : ૬૧૫૯ |
| ૨) | આઉટડોર વિભાગ | : ૮૭૬૩૮ |
| ૩) | કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ સૂતિકા વિભાગ | : ૭૨૨ |
| ૪) | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) ગાયનેક વિભાગ | : ૧૨૦૮૫ |
| ૫) | શ્રી શાંતીલાલ રવચંદદાસ શાહ (ચોકસી) સર્જીકલ વિભાગ | : ૬૨૪૬ |

**ટ્રસ્ટમાં વધુ મળેલ દાનઃ**

એક અમેરિકન દાતા તરફથી રૂા. ૬,૬૦,૪૦૦/- ફોરેઈન કોન્ટ્રીબ્યુશન મારફત દાનમાં મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે. **માનદ્‌મંત્રીશ્રીઓ : શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

---

# શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર

રૂા. ૩૦૦૦/- થી ઓછી રકમના નેકની સામગ્રી પ્રસાદ આપવાની પ્રથા કારતક સુદ એકમ સંવત ૨૦૭૧ના રોજથી બંધ કરવામાં આવી છે, પરંતુ જે વૈષ્ણવો રૂા. ૩૦૦૦/-માં ખુટતી રકમ જમા કરાવશે તેમનો નેક ચાલુ રાખવામાં આવશે.

એક જ વૈષ્ણવના નામે રૂા. ૩૦૦૦ થી ઓછી રકમના એકથી વધુ નેકો હોય તો તેઓ એ જ નામે કમ્બાઈન કરી શકે છે. આ અંગેની લેખીત જાણ કરવાની રહેશે, પરંતુ સામગ્રી-પ્રસાદ આગામી વર્ષથી આપવામાં આવશે.

સ્વર્ગસ્થના નામના નેકો ખુટતી રકમ ભરી વારસદાર પોતાના નામે કરી શકે છે.

ઉપરના બન્ને નિયમોનો અમલ આસો વદ અમાસ ૨૦૭૧ તા. ૧૧-૧૧-૧૫ સુધી કરવામાં આવશે.

**ટ્રસ્ટી મંડળ : શ્રી મદન મોહનજી મંદિર**

**સુધારો**

શ્રી મદનમોહજી મંદિર બાલાસિનોરની ગત અંકમાં આપેલી યાદીમાં શ્રી જયંતીલાલ પુરૂષોતમદાસ દેસાઈ પડાલવાલાએ રૂા. ૩૫,૦૦૦/-ના માતબર દાન આપ્યું છે. તે શરત ચુકથી રૂા. ૨૫,૦૦૦/- લખાયું હતું. તે દાન શ્રીમતી મધુબેન જયંતીલાલ દેસાઈ પડાલવાળાના નામે આપ્યું હતું. **ટ્રસ્ટીઓ : મદનમોહન મંદિર, બાલાસિનોર**

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રેડીટ સોસાયટી લી.

**શેર હોલ્ડર ભાઈઓ/બહેનો**

હાલમાં જે શેર હોલ્ડર પાસે સોસાયટીના રૂપિયા ૧૦/- પેટે ૧૦ શેર હશે તેને રૂપિયા ૧૦૦/- નો એક શેર આપવામાં આવે છે. આ મેમ્બરોને મર્યાદિત સમય માટે વધારાના રૂપિયા ૧૦૦/- પેટે કુલ્લે ચાર શેર (વધારાના રૂપિયા ૪૦૦/-ના) ફાળવવામાં આવશે. તો શેર હોલ્ડર મેમ્બરોએ આ ઓફરની તકનો લાભ લેવા વિનંતી. આ ઓફરનો લાભ જુના રૂપિયા ૨૦૦/-ના શેર, રૂપિયા ૩૦૦/-ના શેર અને રૂપિયા ૪૦૦/-ના શેર ધરાવતા સર્વે શેર હોલ્ડર મેમ્બરો લઈ શકશે.

શેર હોલ્ડર મેમ્બરોએ ૧૦૦ રૂપિયાના પાંચ શેર થાય તે પ્રમાણે વધારાના શેરોની ફાળવણી કરવામાં આવશે. આ અંગેની લેખિત અરજી ચેક સાથે ઓફીસના સમય દરમ્યાન કરવાની રહેશે.

**ખાસ નોંધ :** આ ઓફર મર્યાદિત સમય પુરતી જ છે અને વિના નોટીસે બંધ કરવામાં આવશે. આ ઉપરાંત નવા શેરની ફાળવણીની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

**લી. કારોબારી કમિટીના સભ્યો વતી.**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની બેઠક તા. ૫-૧-૧૫ના રોજ બુધવારે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રીની ગેરહાજરીમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી સૌમીલ મોદીના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહ મંત્રી શ્રી જસ્મીન શેઠે ગત મિટીંગનું વાંચન કર્યુ હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

શ્રી દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) બી.એન.એસ. લાલખા ક્રિકેટ ટ્રોફીના સંયોજક શ્રી ચિરાગ પરીખે બાલાસિનોર ખાતે રમાનારી મેચોની વિગતો અને તારીખો આપી હતી અને સર્વ મેમ્બરોને આવવા વિનંતી કરી હતી.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) ઉપનગર વિભાગના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહે તેમનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામા આવ્યો હતો.

શ્રી મનોજભાઈ/અમરીશભાઈ કન્શેશનલ રેટ નોટબુક યોજના સંયોજક શ્રી અજય દોશીએ જણાવ્યું હતું આ વર્ષે ૩૬૦ ડઝન નોટબુકનો ઓર્ડર આપવો અને ગત વર્ષની જેમ વિવિધ સ્થળ પરથી વેચાણ કરવું વધુમાં તેમને જણાવવામા આવ્યું હતું કે તઓ નોટબુકના ક્વોટેશન લાવી અને તેની વિગત સંસ્થાના હોદ્દેદારોને જણાવેલ.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક તથા સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહે આજ તારીખ સુધીનો અહેવાલ રજુ કર્યો હતો.

ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજનાના સંયોજક શ્રી દીપક શાહે તેમનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રી સમીર ગાંધીએ તેમનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) અને પરિવાર દિવાળી પર્વ આર્થિક રાહત યોજનાના સંયોજક શ્રી અજીત મોદીએ તેમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાક કરવામાં આવ્યો હતો.

શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ટેલીફોન ડીરેકટરીના સંયોજક અને સંસ્થાના સહમંત્રી શ્રી જસ્મીન શેઠે તેમનો અહેવાલ રજુ કર્યો હતો અને જણાવ્યું હતું કે ટુંક સમયમાં તેઓ તેમની પહેલી ડમી ચેક કરવા મુકશે તેની વિગતો આવતી મિટીંગમાં જણાવશે.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન/શ્રી દક્ષેશભાઈ/શ્રી મનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) આંતરીક રમતગમત યોજનાના સંયોજક શ્રી સંજય શાહે મુંબઈ ખાતે રમાયેલી ટુર્નામેન્ટના વિજેતાઓના નામની જાહેરાત કરી હતી.

કુલ ૭ નવી આજીવન સભ્યોની અરજી આવી હતી અને કુલ ૬ લીવની અરજીઓ આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

ઉપપ્રમુખ શ્રીએ આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રીઃ શ્રી ભાવેશ બીપીન મોદી**

## વિદાય

✍ ચંદ્રકાન્ત એમ. શાહ (ચટઈ)

દીકરા જેવી દીકરી મારી, સાસરીયું દીપાવજે,
પિયરીયું દીપાવ્યું જેવું, આંગણીયું દીપાવજે ...(૧)
આંધળાની લાકડી એવી, દિવડો થઈને રહેજે,
સાસરીયામાં જ્યોતિ થઈ, તું ઘરમાં પ્રકાશજે ...(૨)
સાસુ-સસરા તારાને તું, માતા પિતા ગણજે,
મર્યાદામાં ઓછુ બોલી, માન સૌનું રાખજે ...(૩)
મરચાં જેવી નણંદ હોય તો, મીઠાસથી બોલાવજે,
દીયર જેઠને, ભાઈ ગણી, ગમતું સૌનું રાખજે ...(૪)
કાઢી ઘુમટો, નીચું જોઈ, માનથી સાંભળજે,
તારા એવા પ્યારથી તું, દીલડું હરી લેજે ...(૫)
ફુલડાની સુવાસ અર્પી, કુળ એમનું રાખજે,
એવી મારી દીકરી છો તું, લક્ષ્મી થઈને વસજે ...(૬)
કડવું હોય જો સાસરીયામાં, પિયરના ગુણના ગાઈએ,
મનમાં દુઃખ સમાવી તું, પ્રભુ શરણ ધરજે ...(૭)

---

હાસ્યના ઝરૂખા

## માર્ચ એન્ડીંગ

✍ નયન કડકીઆ (ધનગેલા)

વરસો પછી ઓડીટરની આંખે,
આ મારા જીવનનું સરવૈયું જોયું આજે, તો ....
સંબંધોને એસેટ્સને બદલે
લાય બિલીટીઝમાં જોયાં મે આજે, પ્રેમ,
લાગણી, ઉષ્મા અને ...
કર્તવ્ય, નિષ્ઠાના મારી જીંદગીના
જુના ખાતાઓ ગાયબ !
કેવું આશ્ચર્ય થયું મને આજે,
મનનાં મુનીમને બોલાવી પૂછયું મે, તો ...
એણે કહયું કે સાહેબ વરસોથી એમની સાથે
કોઈ પણ જાતની લેવડ દેવડ થઈ જ નથી!!!
માર્ચ એન્ડીંગ ચોપડા આજે
પુરા કરી દીધા આમજ.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

૧. **વિદુલા રમેશ દોશી**
**શૌનક રમેશ દોશી**
ઈન્દ્રલોક, 'C' ફ્લેટ નં.: ૬૨, ૩જે માળે,
જુના નાગરદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૬૯
મો. વિદુલા - ૯૮૧૯૧૫૭૧૧૬
**શૌનક - ૯૬૧૯૦૦૯૦૦૫**
**નીતા - ૯૯૩૦૬૧૦૦૮૯**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| તારાબેન કાંતિલાલ ધારિઆ | ૯૨ |
| કુસુમબેન કાંતિલાલ શાહ | ૮૧ |
| ઈન્દ્રવદન મણિલાલ ત્રિવેદી | ૮૪ |
| રસીકલાલ ચીમનલાલ ધારીયા (દલાલ) (કેનેડા) | ૮૬ |
| લાલચંદ મોહનલાલ પરીખ (વકીલ) | ૮૧ |
| ચંદ્રકાંત રમણલાલ મોદી (દેવ) | ૮૧ |
| હર્ષદરાય ચીમનલાલ પરીખ | ૭૪ |
| હરિવદન મોહનલાલ શાહ | ૭૫ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો. **મંત્રી : ભાવેશ મોદી**